RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 127 * Date: 26.02.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક-રિક્ષા વચ્ચે ભયાનક અકસ્માત, પાંચ લોકોના કમકમાટીભર્યા મોત



રાજકોટના માલીયાસણ નજીક ગોજારો અકસ્માત થયો છે. ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પાંચ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો ત્યાં દોડી આવ્યો છે. અકસ્માત એટલો ગંભીર છે કે, ટ્રકની અડફેટે ચડતા રિક્ષાનો છૂંદો વળી ગયો છે. અકસ્માત થતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા છે.અકસ્માત અંગે મળતી વિગતો મુજબ, ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકો રિક્ષાની અંદર ફસાઈ ગયા છે. હાલ બંને લોકોને બચાવવા માટે પૂરજોશમાં બચાવની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત માલીયાસણ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો દ્વારા પણ બચાવની કામગીરી કરવામાં આવી રહી છે. અકસ્માતમાં ટ્રક નીચે ફસાયેલી રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો છે.આ પહેલા મોડી રાત્રે દ્વારકા-પોરબંદર રોડ પર અકસ્માત થયો હતો. કર્ણાટકથી શ્રદ્ધાળુઓ ભરીને ઉપડેલી બસ સોમવારે મોડી રાત્રે પોરબંદર-દ્વારકા હાઈવે પર કુછડી ગામ નજીક ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં બે શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે ૭ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ પહેલા દાદરા નગર હવેલીમાં એસ.ટી. બસે સર્જેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા હતા. સેલવાસથી વાપી તરફ જઈ રહેલી આ બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. આ દરમિયાન સામેથી મોપેડ પર આવતાં બે લોકોને બસે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ ગોજારા અકસ્માતમાં લવાસાના બે યુવકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં.

# સરકારી નોકરીનો મોહ છોડી દો! મોદી સરકારના મંત્રીએ કહ્યું- યુવાનોએ સ્ટાર્ટઅપ શરુ કરવા જોઈએ

ભારતમાં સરકારી નોકરી મેળવવી એક મોટી પ્રતિષ્ઠા અને સુરક્ષાની વાત બની ગઈ છે. લાખો-કરોડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે અને અરજી કરે છે. પરંતુ, કડવું સત્ય એ છે કે, અમુક જ વિદ્યાર્થીઓ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થાય છે. આ પ્રક્રિયામાં અનેક યુવાનોના સપના, કિંમતી સમય અને મહેનત બરબાદ થઈ જાય છે. જોકે, આ મામલે હવે કેન્દ્રીય રાજ્ય મંત્રી જીતેન્દ્ર સિંહે યુવાનોને આ માનસિકતા છોડી દેવા કહ્યું છે. જીતેન્દ્ર સિંહ કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયમાં રાજ્ય મંત્રી છે અને વડાપ્રધાન કાર્યાલયમાં પણ રાજ્ય મંત્રી છે. તેમણે લોકસભામાં એક સવાલનો જવાબ આપતાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૧-૨૨માં બે કરોડથી વધુ લોકોએ સરકારી નોકરી માટે અરજી કરી છે. જેમાંથી ફક્ત ૩૮,૮૫૦ લોકોને જ સરકારી નોકરી મળી છે, જે કુલ અરજીની ફક્ત ૦.૨૧ ટકા છે.

બાદમાં જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઉત્સવના ઉદ્ઘાટનમાં તેમણે યુવાનોને સરકારી નોકરીની માનસિકતા છોડી દેવા કહ્યું હતું. જીતેન્દ્ર સિંહે કહ્યું કે, યુવાનોએ પોતાની ક્ષમતાને ઓળખવી જોઈએ અને ખુદનો વ્યવસાય અથવા સ્ટાર્ટઅપ શરુ કરવું જોઈએ. ફક્ત સરકારી નોકરી પાછળ ભાગવું યોગ્ય નથી.કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના એક અહેવાલ અનુસાર, દેશમાં ગ્રૂપ ™ અને ગ્રૂપ ઝની નોકરીમાં ભરતી વધી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં ૧ લાખ ૪૧ હજારથી વધારે લોકોને નોકરીની ભલામણ કરવામાં આવી હતી. જીજીઝ જ નહીં, ઁજીઝ એ પણ ૨૦૨૨-૨૩માં વિવિધ પદો માટે ૪,૧૯૫ ઉમેદવારો માટે ભરતી પડી હતી. એવામાં સરકારી નોકરી મેળવવાની દોડ દેશના યુવાનો માટે પ્રેક્ટિકલ વિકલ્પ નથી.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સતત બીજા દિવસે અંગદાન

અમદાવાદ સિવિલ હોસ્પિટલના અંગદાનના સેવાયજ્ઞ છેલ્લા ૪૮ કલાકથી અવિરત ચાલું છે. આ ૪૮ કલાકની અંદર હોસ્પિટલમાં સતત ૨ અંગદાન થયા. જેના થકી ૭ જેટલા જરુરીયામંદોને નવજીવન મળ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ માં થયેલા ૧૭૯માં અંગદાનની વિગતો જોઈએ તો , ખેડા જિલ્લાના નામવાગામના વતની દક્ષાબેન ગોહિલને તારીખ ૧૭ ફેબ્રુઆરી ના રોજ ફેક્ટરી માં મજુરી કામે જતા ખેડા પાસે નવાગામ નગરી ખાતે અકસ્માત સર્જાયો.જેમાં માથાના ભાગે ગંભીર ઈજા થતા તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ સારવાર અર્થે પ્રથમ ખેડા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ તે જ દિવસે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં આઈ.સી.યુ માં સઘન સારવાર દરમિયાન તા.૨૪.૦૨.૨૦૨૫ના રોજ ડૉક્ટરોએ દક્ષાબેન ગોહેલને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.સિવિલ હોસ્પિટલ ના ડૉક્ટરોની ટીમે દક્ષાબેન ગોહિલના પરિવારજનોને તેમની બ્રેઈન ડેડ અવસ્થા વિશે સમજાવ્યા. ૧૦ વર્ષની દીકરી અને ૭ વર્ષ ના દીકરા એમ બે બાળકો ના માતા એવા દક્ષાબેનની અચાનક આવી પડેલી આવી વિકટ પરીસ્થીતી માં પણ તેમના પતિ સુરેશભાઈએ પોતાની લાગણીઓ અને દુઃખને ભૂલીને અન્ય કોઈ ભુલકાઓના માથે થી તેમની માતા કે પિતાની છત્રછાયા ન જાય તે લાગણી સાથે પત્નીના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો.

# મકરબા અંડરબ્રિજમાં ટ્રાફિક સમસ્યા બની માથાનો દુઃખાવો, રોડનું અણઘડ પ્લાનિંગ જવાબદાર

સ્માર્ટસિટીમાં છૈં ટેક્નૉલૉજીના બણગાં ફૂંકતું અમદાવાદનું તંત્ર હજુ ટ્રાફિકની સમસ્યાથી લોકોને મુક્તિ અપાવવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. ટ્રાફિક પોલીસનો અભાવ



અને રસ્તા તથા અંડરબ્રિજના અણઘડ આયોજનના કારણે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વધી રહી છે. મકરબા અંડરબ્રિજમાં પણ ટ્રાફિકની સમસ્યા સ્થાનિકો તથા નોકરિયાતો માટે માથાનો દુઃખાવો બની છે. ગાંધીગ્રામથી બોટાદ તરફની રેલવે લાઇનમાં વિવિધ ફાટક દૂર કરીને અંડરબ્રિજ બનાવવામાં આવ્યા છે. જોકે અંડરબ્રિજ બન્યા બાદ પણ ટ્રાફિકની સમસ્યા તો ઠેરની ઠેર જ રહી છે. કોર્પોરેટ રોડને સરખેજ લેકથી જોડતાં મકરબાના ન્ઝ-૨૯ અંડરબ્રિજમાં ટ્રાફિકના કારણે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. માંડ ૧૫૦ મીટરના રસ્તામાં ભારે ટ્રાફિકના કારણે સ્થાનિકોની સાથે સાથે નોકરિયાતો પણ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ અંડરબ્રિજમાં યુ-ટર્ન માટે રસ્તા પર કોઈ ડિઝાઇન કરવામાં આવી નથી, જેના કારણે વાહનચાલકોને અકસ્માતનો પણ ભય રહે છે. આટલું જ નહી યુ-ટર્નના રસ્તા પર જ દીવાલ બનાવવામાં આવી છે, જેના કારણે સામસામે બે મોટા વાહનો પસાર થઈ શકે તેટલી જગ્યા પણ રહેતી નથી. અંડરબ્રિજમાં કટારિયા ટાવર રોડ તરફ જવા માંગતા વાહનચાલકો જો માંડ માંડ યુટર્ન લઈ પણ લે તો સામે મોટી દીવાલ, રોડ પરના ખાડા પડકારરૂપ બની રહે છે. કોર્પોરેટ રોડથી અંદરની તરફ જતાં તમામ રસ્તા પર આ જ પ્રકારની ટ્રાફિકની સમસ્યાથી વાહનચાલકો દરરોજ પીડાઈ રહ્યા છે. ટ્રાફિક સિગ્નલ કે ્ઇ™ જવાનો પણ હાજર ન હોવાથી ચક્કાજામની પરિસ્થિતિ બાદ વાહનચાલકો અથવા સ્થાનિકોએ જાતે જ ટ્રાફિક પોલીસની જવાબદારી નિભાવવાનો વારો આવે છે.

# જૂનાગઢમાં મહાશિવરાત્રી મેળામાં સૂર-સંગીતના તાલે યાત્રીકો ઝૂમી ઉઠ્યા





જૂનાગઢ મહાશિવરાત્રી મેળાના ત્રીજા દિવસે ભવનાથ તળેટીમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો, જેમાં અઘોરી મ્યુઝિક અને સપ્તક સંગીત વિધાલયના કલાકારોની પ્રસ્તુતિઓએ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા.

અઘોરી મ્યુઝિકના કલાકારોએ "તું ભૂલો તો પડ મારા સોરઠ માલીપા," "હાલોને આપડા મલકમાં," "શુરવીરોના રાસડા," "ધડ ધીંગાડે જેના માથા મહાણે એના પાળિયા થઈ પૂજાવું" જેવી લોકગીતોની આગવી શૈલીમાં રજૂઆત કરી. તેમજ "રાધા ગોવાલડિના ઘર પસવાડે મોહન મોરલી વગાડે," "આભમાં ઝીણી ઝબૂકે વીજળી," "મારો ઠાકર કરે ઈ ઠીક," અને "તને આમ ગોતું તેમ ગોતું, ગોતું તારો સંગાથ" જેવી પ્રસ્તુતિઓએ શ્રોતાઓનું દિલ જીતી લીધું.સપ્તક સંગીત વિધાલયના કલાકારોએ "એ દેશ હે વીર જવાનોકા," "રૂડી ને રૂપાળી વાલા તારી વાહલડી," "નાગર નંદજીના લાલ રાસ રામતા," "વીરને ઝરી ભરેલા સાફા," અને "સારે જહા સે અચ્છા" જેવી દેશભક્તિ અને લોકગીતોની પ્રસ્તુતિ દ્વારા દર્શકોમાં રાષ્ટ્રભક્તિની લાગણી જગાવી. કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયા, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, અધિક કલેક્ટર એન એફ ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, નાયબ કમિશનર ઝાપડા સહિતનાં અધિકારીઓ, અગ્રણીઓ અને નાગરિકોની ઉપસ્થિતિ રહી અઘોરી ગ્રુપે સાંસ્કૃતિક કાર્યક્રમ માટે વહીવટીતંત્રનો આભાર માન્યો હતો.

# રોકાણકારોને લૂંટનારાઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી, દેશભરમાં ૬૦ સ્થળે દરોડા

ક્રિપ્ટોકરન્સી ફ્રોડ કેસમાં કેન્દ્રીય તપાસ એજન્સી (CBI)એ દેશભરમાં ૬૦ સ્થળે દરોડા પાડયા છે. એજન્સીએ દિલ્હી એનસીઆર, પુણે, ચંદીગઢ, નાંદેડ, કોલ્હાપુર, બેંગલુરુ અને અન્ય મોટા શહેરોમાં દરોડા પાડી કાર્યવાહી કરી રહી છે. આરોપીઓ દ્વારા નકલી વેબસાઈટો બનાવી ઓનલાઈન કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેમાં આરોપીઓએ મોટી ક્રિપ્ટો એક્સચેન્જ વેબસાઈટોની કોપી કરીને રોકાણકારો સાથે છેતરપિંડી આચરી હતી.વર્ષ ૨૦૧૫માં ક્રિપ્ટોકરન્સી સંબંધીત કૌભાંડની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં અમિત ભારદ્વાજ (મૃતક), અજય ભારદ્વાજ અને તેના એજન્ટો સામેલ હતા. આ લોકોએ GainBitcoin અને અન્ય નામોની નકલી વેબસાઈટ બનાવી હતી, જેમાં પોન્ઝી સ્કીમ હેઠળ લોકોને રોકાણ કરાવ્યું હતું. આ તમામ વેબસાઈટનું સંચાલન વેરીએબલટેક પ્રાઈવેટ લિમિટેડ (ariabletech Pte. Ltd.) દ્વારા કરવામાં આવતું હતું.કૌભાંડ કરનારા અમિત ભારદ્વાજ અને અજય ભારદ્વાજે સ્કીમ બનાવી રોકાણકારોને ૧૮ મહિના સુધી બિટકોઈનમાં નાણાંનું રોકાણ કરવા કહ્યું હતું. એટલું જ નહી આ લોકોએ રોકાણકારોને ૧૦ ટકા રિટર્ન આપવાનું પણ કહ્યું હતું. કૌભાંડીઓએ એક્સચેન્જોથી બિટકોઈન ખરીદવા માટે અને ક્લાઉડ માઈનિંગ કોન્ટ્રાક્ટથી ગેનબિટકોઈન ખરીદી રોકાણ કરવા માટે રોકાણકારોને પ્રોત્સાહિત કર્યા હતા.કૌભાંડમાં છેતરપિંડી અને મની લોન્ડ્રિંગના આરોપ સાથે દેશભરમાં FIR નોંધાઈ છે.

# અમદાવાદના કેટલાક રસ્તાઓ બુધવારે રહેશે બંધ, મા ભદ્રકાળીની નગરયાત્રા માટે લેવાયો નિર્ણય

દેશભરમાં બુધવારે (૨૬ ફેબ્રુઆરી) મહાશિવરાત્રિનો પર્વ ઉજવાશે. આ સાથે આવતીકાલે અમદાવાદમાં શહેરના સ્થાપના દિવસ નિમિત્તે નગરદેવી ભદ્રકાળી માતા નગરયાત્રાએ નવીકળવાના છે. ૬.૨૫ કિલોમીટર લાંબી નગરયાત્રા સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે. જેને ધ્યાને રાખી નગરચર્યાના



રસ્તા સહિત અમુક રસ્તા બંધ કરવામાં આવ્યાં છે. અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા આ બાબતે જાહેરનામું બહાર પાડી સૂચના આપવામાં આવી છે.

પોલીસ કમિશનરના જાહેરનામાં અનુસાર, અમદાવાદ શહેરમાં આવતીકાલ ૨૬ ફેબ્રુઆરીના દિવસે ભદ્રકાળી માતાજીની નગરયાત્રા નિકળવાની છે. જે નગરયાત્રામાં આશરે ૫ હજારથી વધારે જનસંખ્યા તથા માતાજીનો રથ, પાંચ છોટા હાથી વ્હીકલ, જગન્નાથ મંદિરના હાથી, અખાડાના કલાકાર, નાસિક ઢોલ ગ્રૃપ, પાંચ સાધુની ધજાઓ, એક બેન્ડ વાજાની ટુકડી, એક ડી.જે ટ્રક, ત્રણ ભજન મંડળીઓ, ૧૫ કાર, ૧૦૦ ટુ-વ્હીલર નીકળવાની છે. તેથી નગરયાત્રા દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

શ્રી ભદ્રકાળી માતાજી મંદિરથી કારંજ પોલીસ સ્ટેશન- ત્રણ દરવાજા-પાનકોર નાકા-માણેક ચોક-ગોળ ગલીથી મ્યુનિસિપલ કોઠા- ગોળલીમડા-ખમાસા ચાર રસ્તા-જગન્નાથ મંદિરથી જમાલપુર શાકમાર્કેટ-ફૂલબજારની આગળથી રોંગ સાઈડમાં રિવરફ્રન્ટ અંદર-મહાલક્ષ્મી મંદીરથી વિક્ટોરીયાગાર્ડન-અખાડાનંદ સર્કલ-વસંત ચોકથી લાલદરવાજા-અપના બજાર-સિદ્દી સૈયદની જાળી--વીજળીઘર-શ્રી બહુચર માતાનાં મંદિરથી પરત શ્રી ભદ્રકાળી માતાજી મંદિર સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે.

તંત્રી લેખ

# અમેરિકાએ ભારતની ચાર કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો

ઈરાન સાથે ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ડીલ કરવા બદલ ભારતની ચાર કંપનીઓ પર અમેરિકાએ પ્રતિબંધ લાદી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ ઈરાન પર દબાણ વધારવાની નીતિ હેઠળ આ કાર્યવાહી કરી છે. અમેરિકાના ફોરેન્સ એસેટસ કંટ્રોલ ડિપાર્ટમેન્ટે માત્ર ભારત જ નહીં ચીન, યુએઈ, હોંગકોંગના ઓઈલ બ્રોકરો અને ટેન્કર ઓપરેટરો સામે પણ કાર્યવાહી કરી છે.

અમેરિકી વિદેશ મંત્રાલયે ભારતની ચાર કંપનીઓ સહિત અનેક દેશોના ૪૦ લોકો પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. મંત્રાલયની માહિતી મુજબ ભારતની જે ચાર કંપનીઓ સામે કાર્યવાહી કરાઈ છે તેમાં નવી મુંબઈ સ્થિત ફલક્સ મેરીટાઈમ એલએલપી, દિલ્હી-એનસીઆરમાં આવેલી બીએસએમ મૈરીન અને ઓસ્ટિનશિપ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ તેમજ તંજાવુર સ્થિત કોસમોસ લાઈન્સનો સમાવેશ થાય છે. આમાંથી પ્રથમ ત્રણ કંપનીઓ ઈરાનના ઓઈલ ટેન્કરો લઈ જતાં જહાજોનું સંચાલન કરતાં હોવાથી કાર્યવાહી કરવામાં આવી છે, જ્યારે કોસમોસ ઈરાનના ઓઈલ ટ્રાન્સપોર્ટમાં સામેલ હોવાથી પ્રતિબંધ લગાવાયો છે.

અમેરિકાએ યુએઈ, હોંગકોંગના ઓઈલ બ્રોકર્સ પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. આ ઉપરાંત ભારત અને ચીનના ટેન્કર ઓપરેટરો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકન વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ઈરાનને ઓઈલમાંથી થતી કમાણીનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિમાં કર્યો હોવાથી અમે કાર્યવાહી કરી છે. જે જહાજો અને તેની સાથે જોડાયેલી કંપનીઓ પર પ્રતિબંધ લગાવાયો છે, તેઓએ અનેક મિલિયન બેરલ ઈરાની ઓઈલ ટ્રાન્સપોર્ટ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ભારતીય કંપનીઓ વિરુદ્ધ અગાઉ પણ કાર્યવાહી કરી હતી. આ પહેલા અમેરિકાએ ઑક્ટોબર-૨૦૨૪માં ભારત સ્થિત ગબ્બારો શિપ સર્વિસિઝ કંપની પર પ્રતિબંધ લગાવ્યો હતો.

# શિવરાત્રી મહાપર્વ ની દિવ્ય ઉત્સવ ઉજવણી તથા દિવ્ય સનાતન શિવ ની આરાધના,,,



શોનેશ્વર મહાદેવ મહાદેવિયા ના આંગણા માં શ્રી સોનેશ્વર મહાદેવ ટ્રસ્ટ મંડળના તથા શિવ ભક્તોના સાથ સહયોગથી સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત દ્વારા ભવ્ય આયોજન નિર્ધારિત ,,,,,તા ૨૬/૨/૨૦૨૫ બુધવાર ના રોજ શિવરાત્રી ના દિવસે આપણા ડીસા શહેર ના તટ પર આવેલ સોમનાથ સોનેશ્વર મહાદેવના મંદિરમાં અદભુત સાધના નું આયોજન વિશેષ અંબાજી માતાજી મંદિરના તથા શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયના પૂર્વ પ્રધાન આચાર્યશ્રી પૂજ્ય શ્રી નારાયણ પ્રસાદ શાસ્ત્રીજી મહારાજની ઉપસ્થિતિમાં રુદ્ર મહાયજ્ઞ તથા રુદ્રના અષ્ટ અધ્યાયથી તથા અષ્ટ પ્રકારની ઔષધીથી મહાદેવજી પર વિધ્વત બ્રાહ્મણોના શ્રી મુખથી દિવ્ય રુદ્રાભિષેક કરવામાં આવશે તથા રાત્રે ૯ કલાકથી ૧૨ કલાક સુધી ભજન સત્સંગ તથા કીર્તન આયોજન કરવામાં આવશે રાત્રી સમયમાં ભજનમાં શ્રી સરસ્વતી બીટના ચેરમેન શ્રી રાજુભાઈ લીમ્બાચીયા તથા શ્રીમતી જાગૃતીબેન લીંબાચીયા તેમજ સાહિત્યકાર શ્રી હરેશભાઈ ઉપસ્થિત રહીને સેવા આપશે તથા સાંજે ૬:૦૦ કલાક થી લઈ ને રાત્રે ૯:૦૦ કલાક સુધી શિવ મહાપૂજા તથા રાત્રે ૧૨:૩૦ કલાકે જળાધારી મહાપૂજન તથા શિવ મહા આરતી કરવામાં આવશે આ મહાન ઉત્સવમાં આપ સર્વેને શિવાલયમાં ઉપસ્થિત રહેવા હેતુ સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાતના સંચાલક શ્રી યશવંતભાઈ શાસ્ત્રીએ દ્વારા તમામ હરિભક્તોને સનાતન ધર્મના પ્રચાર હતું ઉપસ્થિત રહેવાતું વિશેષ આગ્રહ કર્યો છે શિવરાત્રીનો મહાપર્વ મહાદેવજીની આરાધના માટે તથા આત્મ કલ્યાણ માટે સર્વશ્રેષ્ઠ છે તેથી સવારે ૯ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી શ્રીમણિધર ગોગા મહારાજ સ્થાન માં તિરુપતિ ખાતે પાલનપુર શહેરના જીડી મોદી કોલેજના પ્રોફેસર શ્રી રાધા બહેન તેમજ આવનાર તમામ બહેનો સાથે પૂજ્ય શ્રી નારાયણ પ્રસાદ શાસ્ત્રીજીના સાનિધ્યમાં મહાયજ્ઞ કરવામાં આવશે વિનોદ બાંડીવાળા ડીસા

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે અર્બન હોર્ટીકલ્ચર અંતર્ગત એક દિવસીય તાલીમ વર્કશોપ યોજાયો



સરકારી વિનયન કોલેજ અમીરગઢ સંસ્કૃત વિભાગ દ્વારા દ્ઈઁ- જીદ્ધૈંન્ન અંતર્ગત બાગાયત ખાતું ગુજરાત રાજ્ય , નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાલનપુર દ્વારા અર્બન હોર્ટીકલ્ચર અંતર્ગત એક દિવસીય તાલીમ વર્કશોપ યોજાયો હતો. જેમાં ડો. વર્ષાબેન ચૌધરીએ સુંદર પ્રાર્થનાથી શરૂઆત કરી હતી. શાબ્દિક સ્વાગત તથા પ્રાસંગિક પ્રવચન ઈતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રી પ્રા. મુકેશ કુમારે કર્યું હતું. શ્રી વિરેન્દ્ર કુમાર જોશી તથા શ્રીમતી મકસૂદા બેન મીર દ્વારા અર્બન હોર્ટીકલ્ચર અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકશ્રીઓ ડો. હિરેન ચૌધરી તેમજ ડો. નીતિન જાદવે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. ફરહીના શેખ દ્વારા કરવામાં આવી. આચાર્ય શ્રી ડો. એન.કે.સોનારાના માર્ગદર્શન દ્વારા સમગ્ર કાર્યક્રમનુ સફળ આયોજન તથા સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. મંજુલાબેન પરમારે કર્યું હતું.



ભીમનાથ મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રી નિમિત્તે ખોખાપાકનો પ્રસાદ બનાવનાર છગનભાભાનો પરિવાર સેવાનું બીડુ ઝડપ પી યુ છે અને આ માડી એ જાતે બે દિવસ રહીને આ ખોખા પાક જાતે તૈયાર કરાયો છે તેમને અને તેમની આ પાંચ સાત જણાની ટીમ ખોખાપાક તૈયાર કરી દીધો છેઆ ફરાળના દાતા રોય પરિવાર છે પણ સેવા છગનભાભાના પરિવારે સેવા કરી છે તો બંને શિવભક્તોને દાદા સ્વચ્છ આરોગ્ય રાખે અને આવી સેવા ભાવનાઓ બતાવતા રહે તેવી ભીમનાથ દાદા પાસે પ્રાર્થના અને મારા અંતરથી આશીર્વાદ મહામંડલેશ્વર ૧૦૦૮ આશુતોષ ગીરીબાપુ ના જય ભોળાનાથ

# નિરમા યુનિવર્સિટીએ કલા અને શિક્ષણ પહેલ સાથે પાળીયાદ ગામને સશક્ત બનાવવા સ્પેશિયલ કેમ્પનું આયોજન કર્યું

ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન, નિરમા યુનિવર્સિટીએ તેની ૭ દિવસીય વિશેષ નેશનલ સર્વિસ સ્કીમ (દ્વજીજી) શિબિર પાળીયાદ ગામ ખાતે પૂર્ણ કરી. શિબિરનું આયોજન શ્રી દીપક વિશ્વકર્મા (આસિસ્ટન્ટ પ્રોફેસર), શ્રીમતી મોના પ્રભુ (પ્રોફેસર) અને શ્રી જયેશ પટેલ (મોડલ-નિર્માણ પ્રશિક્ષક) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, વિદ્યાર્થીઓ અને સમુદાય બંને માટે મૂલ્યવાન અનુભવ તરીકે સાબિત થયું. ફેકલ્ટી સભ્યોએ વિદ્યાર્થીઓને સમુદાય સેવા, ટીમ વર્ક અને સ્વ-શિસ્તમાં જોડાવાની તકો પૂરી પાડી હતી. વૈવિધ્યસભર અને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા, વિદ્યાર્થીઓએ માત્ર સ્થાનિક સમુદાયમાં જ યોગદાન આપ્યું નથી પરંતુ સર્જનાત્મક અભિવ્યક્તિ અને સામાજિક જવાબદારીનો અનુભવ પણ મેળવ્યો છે.

શિબિરની મુખ્ય વિશેષતાઓઃ

૧. ઓરિગામિ વર્કશોપ - વર્કશોપમાં યુવા વિદ્યાર્થીઓને ઓરિગામિની સર્જનાત્મક કળાનો પરિચય કરાવ્યો, ધીરજ, ઉત્તમ મોટર કૌશલ્યો અને સ્વ-અભિવ્યક્તિને પ્રોત્સાહિત કર્યા. સહભાગીઓએ ઉત્સાહપૂર્વક રંગબેરંગી પક્ષીઓ, પતંગિયાઓ અને છોડને આકર્ષક મોબાઈલ અને હેંગિંગ્સ બનાવવા, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને ઉત્તેજન આપવા માટે તૈયાર કર્યા.

૨. ઢૈંરૂ (ડુ ઇટ યોરસેલ્ફ) કિટ વર્કશોપ્સ - વિદ્યાર્થીઓએ શીખવાના મનોરંજક અભિગમ તરીકે ઈન્ટરેક્ટિવ ઢૈંરૂ કિટ્સની શોધ કરી. તેઓને નાના ભાઈ-બહેનોને શીખવવા, સર્જનાત્મકતાની પ્રેરણા અને હાથથી શિક્ષણ આપવા માટે તેમની પોતાની કીટ ડિઝાઈન કરવા અને બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

૩. વોલ પેઈન્ટીંગ અને શાળાનું બ્યુટીફિકેશન – સ્થાનિક શાળામાં વોલ પેઈન્ટીંગમાં રોકાયેલા સહભાગીઓ, પર્યાવરણને સુધારે છે જ્યારે રમતગમત દ્વારા કન્યા કેળવણી, પર્યાવરણ સંરક્ષણ અને સુખાકારી જેવા સકારાત્મક સંદેશાઓને પ્રોત્સાહન આપે છે. આ પહેલથી શાળાના સૌંદર્ય શાસ્ત્રમાં સુધારો થયો અને સમુદાયનું મનોબળ વધ્યું.

૪. ક્લે વર્કશોપ - વિદ્યાર્થીઓએ પરંપરાગત કારીગરી અને સાંસ્કૃતિક વારસા સાથે જોડાઈને ટેરાકોટા ક્લે મોડેલિંગનો અભ્યાસ કર્યો. તેઓએ સુશોભિત માટીના ઉત્પાદનો બનાવ્યા, વ્યવહારુ કલાત્મક કૌશલ્યો અને સાંસ્કૃતિક કળા માટે પ્રશંસા મેળવી.

૫. ગૌશાળામાં શ્રમદાન - તેમની સામુદાયિક સેવાના ભાગ રૂપે, વિદ્યાર્થીઓએ ગૌશાળા (ગાય આશ્રયસ્થાન) ખાતે શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લીધો, સ્વચ્છતા અને પશુ કલ્યાણમાં યોગદાન આપ્યું. આ અનુભવે તેમની સામાજિક જવાબદારી અને પ્રાણીઓ પ્રત્યેની સહાનુભૂતિની સમજ વધારી.

૬. યોગ અને મગજ-બુસ્ટિંગ વ્યાયામ - શારીરિક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે, મગજ-બુસ્ટિંગ કસરતોને સમાવિષ્ટ યોગ સત્રો હાથ ધરવામાં આવ્યા હતા. આ સત્રોએ વિદ્યાર્થીઓને માનસિક સ્પષ્ટતા, ધ્યાન કેન્દ્રિત કરવા અને સંતુલન વિકસાવવામાં મદદ કરી, જ્યારે રોજિંદા જીવનમાં યોગના મહત્વ વિશે જાગૃતિ ફેલાવી.

૭. ચિત્ર સ્પર્ધા - પર્યાવરણીય સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી ચિત્ર સ્પર્ધાએ સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહિત કરતી વખતે પર્યાવરણીય મુદ્દાઓ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવી.

૮. નોલેજ શેરિંગ સેશન્સ - વિદ્યાર્થીઓ ઈન્ટરેક્ટિવ સત્રોમાં રોકાયેલા, જાહેર બોલવામાં તેમનો આત્મવિશ્વાસ વધારતા અને વય જૂથોમાં જ્ઞાન અને સંસ્કૃતિના આદાનપ્રદાનની સુવિધા આપે છે.

૯. રમતગમતની પ્રવૃત્તિ - ફૂટબોલ મેચ - દ્વજીજી સ્વયંસેવકો અને સ્થાનિક વિદ્યાર્થીઓ વચ્ચે આયોજિત ફૂટબોલ મેચ ટીમ વર્ક, સમાવેશીતા અને તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે, પ્રેરણાને પ્રોત્સાહન આપે છે અને સમુદાય સંબંધોને મજબૂત બનાવે છે.

# બોરીવલીમાં એમસીએફ દ્વારા પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ હતી. તે થન્ડર બોલ્ટસ ઈલેવને જીતી હતી. જાયન્ટ કિલર્સ ઈલેવન બીજી અને દાદાજી ડેરિંગ ઈલેવન ત્રીજી આવી હતી. વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

અગાઉ રિંગ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. પુરુષોમાં રોહિન ઈલેવન વિજેતા અને અનિરુદ્ધ ઈલેવન બીજી, સિનિયર સિટીઝન્સમાં સુરેશ ઈલેવન વિજેતા અને સંજય ઈલેવન બીજી, મહિલા વિભાગમાં મૈત્રી ઈલેવન વિજેતા અને જ્યોતિ ઈલેવન ટીમ બીજી આવી હતી. વિજેતા ટીમને ટ્રોફી અને અન્ય ઈનામ અપાયા હતા. થ્રો બૉલમાં મૈત્રી ઈલેવન ટીમ વિજેતા અને સમૃદ્ધિ ઈલેવન ટીમ બીજી આવી હતી. મિક્સ જેન્ડરમાં દીવે ઈલેવન વિજેતા અને ઓમ ઈલેવન બીજી રહી હતી.

અગાઉ યોજાયેલી ડૉ. સુહાસ બાપટ મેમોરિયલ ટેનિસ ટુર્નામેન્ટમાં પુરુષોના વિભાગમાં જેનિલ શાહ ઈલેવન વિજેતા અને ઋષભ નાણાવટી ઈલેવન બીજી, મહિલા વિભાગમાં લીના ઈલેવન વિજેતા અને રોનક ઈલેવન બીજી, પચાસ પ્લસમાં ઉદય ઈલેવન વિજેતા અને નીતિન ઈલેવન બીજી, છોકરાઓના વિભાગમાં ધ્રુવ ઈલેવન વિજેતા અને હૃદય ઈલેવન બીજી રહી હતી

# રાજુ રદીએ એકસો ચુમ્માલીસ વરસે યોજાતા કુંભમેળામાં જઈ શું કર્યુ?

‘ ગિરધરલાલ, મહાકુંભ મેળામાં જવું છે?’ રાજુએ મને પૂછયું. રાજુના મનમાં સવાલોનું વલોણું ચાલતું હોય છે.રાજુ નાસ્તિક ન હતો. અલબત, આસ્તિક પણ ન હતો.

‘ રાજુ, મહાકુંભમાં જવાની ઈચ્છા તો છે. પરંતુ, ટિકિટ કયાં મળે છે? પ્લેનના ભાડા ચંદનનાં લાકડાના ભાવની જેમ આસમાને ગયા છે. ટ્રેનમાં વેઈટીંગ ચાલે છે. પગપાળા જઈને તો બીજો કુંભમેળો ક્યાંક શરૂ થઈ ગયો હોય.’ મેં મધ્યમવર્ગની લાચારી વ્યક્ત કરી.

‘ ગિરધરલાલ, મૈં હૂં ના.ફિકર નોટ કરને કા.તમે એ મારા પર છોડી દો. મારો એક મિત્ર રેલવેમાં પેન્ટ્રી ચલાવે છે. એની પાસે વેઈટરનના પાસ હોય છે. પેન્ટ્રીમાં બેસવાની વ્યવસ્થા હોય છે.પેન્ટ્રીમાં સુવાની સગવડ ન હોય. આટલી અગવડ નભાવી લેવી પડશે. અગવડ સામે લંચ, બ્રેકફાસ્ટ, ડિનર, ચા મફતમાં મળશે.જવા આવવાનો કોઈ ખર્ચ નહીં. પ્રયાગરાજમાં રોકાવાનો ખર્ચ થશે.’ રાજુએ લલચામણી ઓફર મુકી. મારાથી હા રંડાઈ ગઈ.

‘ રાજુ, શીરા માટે શ્રાવક થવાની કહેવત સાંભળી હતી. પરંતુ, મહાકુંભ મેળા માટે વેઈટર બનવું પડશે એની કલ્પના કરેલી નહીં. કાંઈ વાંધો નહીં. ‘ એમ મેં રાજુને કહ્યું. અમે બાબુલાલ પાસે ત્રણ દિવસ રજા લેવા ગયા. બાબુલાલે રજાનું કારણ સાંભળી મહાકુંભ મેળાનું કવરેજ કરવાનું બજાડી દીધું. આમ, દોડવું હતું ને ઢાળ મળ્યો. રજા મુકવાને બદલે ચાલુ પગારે ટીકડીએ સાથે મહાકુંભ મેળામાં જવાનો તખ્તો ગોઠવાઈ ગયો.

‘ ગિરધરલાલ, તમે કુંભ મેળા વિશે શું જાણો છો? ‘ રાજુએ જિજ્ઞાસાનું જેમ સવાલ કર્યો.પ્રયાગરાજ જતી ટ્રેનની પેન્ટ્રીમાં ગોઠવાયા. ટ્રેન ખટખટ અવાજ કરતી ચાલુ થઈ. ટ્રેન શરૂ થઈ કે રાજુએ સવાલની શતાબ્દી શરૂ કરી.

‘ રાજુ, હાલ તો પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડિયામા મહાકુંભજવર ફેલાયો છે. કુંભ મેળાનો ઈતિહાસ, ભૂગોળ સમુદ્રમંથનની જેમ ડખોળીઈ રહ્યો છે.’ મેં સાંપ્રત સ્થિતિ જણાવી.

‘ ગિરધરલાલ, દર ૧૨ વર્ષે યોજાતો કુંભ મેળો હરિદ્વારમાં ગંગા કિનારે, નાસિકમાં ગોદાવરી, ઉજ્જૈનમાં શિપ્રા અને પ્રયાગરાજમાં ત્રિવેણીમાં યોજાય છે. ગુરુ કુંભ રાશિમાં પ્રવેશ કરે છે અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે કુંભ મેળાનું આયોજન થાય છે. આ મેળાની પૌરાણિક માન્યતા સમુદ્ર મંથન સાથે સંબંધિત છે.સમુદ્રમંથનના અંતે અમૃતનો કુંભ મળેલ. અમૃતપાન કરવાની મથામણમાં ઘડામાંથી અમૃતના ટીપાં છલકાયા અને પ્રયાગરાજ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં પડ્યા. એટલા માટે તેનું આયોજન આ ૪ સ્થળોએ કરવામાં આવે છે. કુંભ પુરાણમાં આપેલી માહિતી મુજબ કુંભ મેળાના ૪ પ્રકાર છે, જેમાં કુંભ, અર્ધ કુંભ, પૂર્ણ કુંભ અને મહાકુંભ મેળોનો સમાવેશ થાય છે. કુંભ મેળો દર ત્રણ વર્ષે વારાફરતી હરિદ્વાર, ઉજ્જૈન, નાસિક અને પ્રયાગરાજમાં નદીઓના કિનારે યોજાય છે. અર્ધ કુંભ મેળો દર છ વર્ષે હરિદ્વાર અને પ્રયાગરાજમાં યોજાય છે. પૂર્ણ કુંભ મેળો દર ૧૨ વર્ષે ચાર પવિત્ર સ્થળો હરિદ્વાર, ઉજ્જૈન, નાસિક અને પ્રયાગરાજમાં યોજાય છે, જેમાં લાખો ભક્તો અને યાત્રાળુઓ આવે છે. જ્યારે મહાકુંભ મેળો ૧૪૪ વર્ષે એકવાર પ્રયાગરાજમાં ઉજવવામાં આવે છે.’ રાજુએ માહિતીનો કુંભ છલકાવ્યો.

‘ રાજુ, કુંભમેળામાં સ્નાન કરવાથી સંસારભરના પાપ નષ્ટ થાય છે. પાપ ખત્મ થાય એટલે નવા પાપ કરવાનો પીળો પરવાનો મળ્યો હોય તેમ માણસો પાપપાચાર તરફ પુનઃ વળે છે.’ મેં કુંભ મેળાનું માહાત્મ્ય સમજાવ્યું .

‘ગિરધરલાલ,મહાકુંભમાં સ્નાન કરનારને કેવા અને કેટલા પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય? ‘રાજુએ પ્રશ્ન પૂછયો.

‘ રાજુ, મહાકુંભ સ્નાન કરનારના પાપ નષ્ટ થાય છે. વ્યક્તિને મોક્ષ મળે છે એક હજાર અશ્વમેધ યજ્ઞ કર્યાનું પુણ્ય મળે છે.ભગવાન ગણેશજી નહીં પણ કાર્તિકેયની માફક ઓફલાઈન એક લાખવાર પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું પુણ્ય મળે છે. કુંભ મેળામાં સ્નાન કરનારને કારતક માસમાં એક હજાર વાર, મહા માસમાં સો વાર અને વૈશાખ માસમાં એક કરોડવાર રેવા એટલે કે નર્મદા સ્નાનનું પુણ્ય મળે છે.’ મે રાજુને સ્નાન કરવાના ફાયદા બતાવ્યા.

‘ ગિરધરલાલ એક માનવી સરેરાશ સો વરસ એટલે ૩૬,૫૦૦ દિવસ જીવે છે. જો માણસ એક દિવસમાં દસ વાર સ્નાન કરે તો પણ ૩,૬૫,૦૦૦ વાર સ્નાન કરી શકે. એક કરોડ વાર સ્નાન કરવું હોય તો દિવસમાં ૨૭૩ વાર નહાવું પડે.એક દિવસમાં દર બત્રીસ મિનિટે હર હર ગંગે કરવું પડે.યેહ બાત કૈસે હજમ હો શકતી હૈ?’ રાજુએ લોજિકલ સવાલ ઉઠાવ્યો.

અમે મહાકુંભનો અદ્ભુત નજારો નિહાળતા ટહેલતા હતા. અમારે ચાલવા માટે ચરણ ઉપાડવા પડતા ન હતા. જનમેદનીના ધક્કા કે શ્વોચ્છવાસના ધક્કાથી પાણીની માફક હિલોળા ખાતા હતા. ખાનપાનની લારીઓ , અખાડાના હાથી, ઘોડા, પાલખી, સોનાની છડીઓ, લાંબી લાંબી જટા ધારણ કરેલા, શરીરે ભસ્મ ચોળેલા, ચલમ ફૂંકવાથી ચૂલાના લાલ દેતવા જેવી આંખોવાળા મઠાધિપતિ, મહામંડલેશ્વર, ગાદીપતિઓ, શિષ્યો, નાગા સાધુ, નાગી સાધ્વીઓથી રોડ ઉભરાતા હતા. લાખો લોકોની ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવપાથી પાણી આસમાનને અડકતા હતા. હર હર ગંગેનો પ્રચંડ જયઘોષ વાતાવરણને જાજરમાન અને દૈદિપ્યમાન અને જાજરમાન કરતા હતા.એકાદી વ્યક્તિ ઠંડીના કારણે ગોલોક પામે તો પણ ઉત્સાહમાં કમી કરતો ન હતો.

પ્રેમિકાએ કરેલા બ્રેકઅપના કારણે આઈઆઈટી બાબા બનેલા અભયસિંહ, છમકછલ્લો મોડેલને રથમાં બેસાડનાર વિવાદાસ્પદ બાબા, કેટલા વરસોથી એક હાથ ઉંચો કરનાર બાબા , નવ વરસથી ઝૂલે ઝૂલતા ઝૂલાબાબા, ઈચ્છાપૂર્તિ કરાવી માટે બત્રીસ વરસથી સ્નાન ન કરનાર છેટુબાબા, ઈટાલીના રહીશ અને સનાતન રંગે રંગાયેલી સાધ્વી. મેળામાં એમ્બેસેડર બાબા , એન્વાયર્નમેન્ટ બાબા,સિલિન્ડર બાબા,જવારાનાલે બાબા,રબડીવાલે બાબા, હાર્લી ડેવિડસનવાલે બાબા,કાંટેવાલે બાબા,ચાબીવાલે બાબા,કબૂતરવાલે બાબા , ડિજિટલ મૌનીબાબાનો સંગમ હતો કે શું? જો કે, ફેંકુબાબા જોવા મળતા ન હતા.

મેં રાજુને મારા જૂતા, પાકીટ, મોબાઈલ થેલાનું ધ્યાન રાખવા કહ્યું. સંગમઘાચ પર હૈયે હૈયું દળાય એવી ભીડ હતી. ઘાટ પર એક દોરડું બાંધેલ . દોરડાની બહાર કુશળ તરવૈયા તરી શકે. બાકીના દોરડાની અંદર ડૂબકી મારે.

‘

હર હર ગંગે ‘ એવો બકરીના કરી મેં નાક પર આંગળી દબાવી પાણીમાં ડૂબકી મારી. હું તો લગભગ થીજીને બરફ થઈ ગયો. દાઢી કકડવા માંડી. બરફ જેવા પાણીથી શરીર લાકડા જેવું થઈ ગયું. ઘ્રાણેંદ્રિય ઘૃત ( અરે સમજ ન પડી? નાકમાંથી લીંટ એટલે શેડા વહેવા લાગ્યા .) નદીની માફક વહેવા લાગ્યું. તમામ ભવના પાપ ધોવાતા ધોવાશે. પરંતુ, મારો હંસલો આજે જ મોટા ગામતરે ઉડી જશે એવી ફડક પણ પેઠી. કાંઠે આવ્યા પછી ગરમાગરમ ચા પીધા પછી કંઈક કળ વળી . કુંભમેળામાં સ્નાનનો ચાર પાંચ સેકન્ડનો ખેલા. સ્વયંસેવકો હાથ પકડીને બહાર કાઢી મુકે.કરોડો લોકો નાહવાથી નદીના પાણીના પ્રવાહમાં મૂત્રવિસર્જનના ફળસ્વરૂપે ખાસો વધારો થયો હશે?

રાજુ રદીએ સંગમઘાટ જઈ ખેલા કર્યો. માઈનસ ડીગ્રી ઠંડા પાણીમાં નાક દબાવી ડૂબકી મારવાનો સાફ સાફ ઈન્કાર કર્યો .રાજુ રદીએ ગંગા નદીનાં લાકડી ડૂબાડી . રાજુ રદી સ્વગત બબડ્યો .’નાહવું હોય તો આટલી વાર છે, પણ પણ નહાવું નથી .’

રાજુ રદી મહાકુંભના મેળે જઈ નાહ્યા વગર પરત ફરનાર એકમાત્ર નમૂના હોવાનો વર્લ્ડ રેકર્ડ ધરાવતો ઈસમ કે શખ્સ હશે . માનો કે નદીમાં પલળવા છતાં ,કોરોકટ કાળમીંઢ પથ્થર ન હોય !હીરો મહાકુંભે જઈ આવ્યોને કોરોધાકોડ રહી આવ્યો.

ભરત વૈષ્ણવ

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 161**
વિષય : અંતરનાદ. શિર્ષક : ઘટમાળ
પ્રકાર : કાવ્ય    શબ્દો : ૧૪૩

ઘટમાળ ૦૦૦૦

અગાધ સાગરની ઊંડાઈ કિનારે ક્યાં કળાય છે ?
દિલમાં ઊગેલા ભેજને શબ્દોથી ક્યાં ગળાય છે ?
આ તો અંતરનો નાદ છે કેવો વલોવાય છે ?

એટલા તો વાગ્યા છે બાણ હૈયે ,
છીદ્ર થયાં કેટલાંય ક્યાં કંઈ ચળાય છે?
આ તો અંતરનો નાદ છે કેવો વલોવાય છે ?

દૂર નજર છે વેધક સવાલોની,
પડેલી આદત બધી ક્યાં કંઈ પળાય છે?
આ તો અંતરનો નાદ છે કેવો વલોવાય છે ?

વાંકા રસ્તે પણ પગ સીધાં રાખીયે,
મંઝીલ છે પાસે પણ ક્યાં કંઈ ચલાય છે?
આ તે અંતરનો નાદ છે કેવો વલોવાય છે?

તસ્વીરમાં જડાયેલો એ અનરાધાર થાક એમાં
પીસાતી કૂટાતી આ જીંદગી કેવી દળાય છે ?
આ તો અંતરનો નાદ છે કેવો વલોવાય છે?

ઘટમાળ આ તો છે જીવનની જીંદગી કેવી પીસાય છે?
આવી રીતે જીંદગી કેવી જીવી જવાય છે ?
આ તો અંતરનો નાદ છે કેવો વલોવાય છે?
૦૦૦ગ્રીષ્મા પંડ્યા ૦૦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષય:"અંતરનાદ"
"શીર્ષક:"દુનીયા માં બધાં છે ને?". પ્રકાર:પધ્ય.
શબ્દો:૧૩૦
જીવી લે તું જિંદગી તારી રીતે મઝાં થી,
નહીંતર તને નહીં જીવવાં દેવાં વાળા દુનીયા માં બધાં છે ને?
દોડી જા સફળતાં નાં રસ્તા પર તારી રીતે, નહીંતર ટાંગ અડાડવાં વાળાં દુનીયા માં બધાં છે ને?
સાચી દિશા બતાવજે તેને જે તારી સાથે સંકળાયેલ છે,નહીંતર ખોટી દિશા બતાવવાં વાળા દુનીયા માં બધાં છે ને?
સુખી થજે ને સુખી કરજે,નહીંતર દુઃખ નાં દરિયામાં ડુબાડવાં વાળા દુનીયા માં બધાં છે ને?
શ્રવણ ની જેમ રાખજે તારાં માતા-પિતા ને, નહીંતર મા-બાપ ને વૃધ્ધાશ્રમ માં મોકલવાં ની સલાહ આપનાર દુનીયા માં બધાં છે ને?
ચાલજે અંતરનાદ કહે તેમ જિંદગીભર
નહીંતર તારાં મગજના ફુગ્ગામાં હવા ભરી આકાશમાં ઉડાડવાં વાળા દુનીયા માં બધાં છે ને?
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-"અંતરનાદ"★
★શિર્ષક;- "ગીરવી પડ્યું છે"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૯૪★

જિંદગી તને, ખરીદવાનાં મોલ શું છે?
બધુંજ તો તારી પાસે, ગીરવી પડ્યું છે.
શબ્દો, ભાષાને, હોય છે એક હેસિયત,
દિલ પાસે મારુ બધુંજ, ગીરવી પડ્યું છે.
આંખોથી આંસુઓને, હોય છે તો વહેવું,
પાંપણમાં પણ, એક સપનું ગીરવી પડ્યું છે.
સવાર, મધ્યાહન, ને સલુંણી સાંજ હોય છે,
ઘટિકાયંત્ર પાસે, મારુ બધું ગીરવી પડ્યું છે.
આરામ, વ્યસ્તતામાંથી એકાંત કયારેક મળે છે,
મનની સમજણ પાસે, બધુંજ ગીરવી પડ્યું છે.
મોજ, મસ્તી,ને ઉલ્લાસ જોઈએ છે બધાંને,
સૌની ઓસરતી જિંદગી પાસે, ગીરવી પડ્યું છે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય:- "અંતરનાદ"
શિર્ષક :-" મારો અંતરનાદ"
પ્રકાર :- પદ્ય.    શબ્દો:- ૭૯

હું સ્નેહનો સાગર વહાવું છું
હું માનવ સેવાને અપનાવુ છું,
મારો અંતરનાદ સાંભળીને હું,
નિર્મળ બનીને જીવન વિતાવું છું.

હું પ્રેમની જ્યોત પ્રગટાવુ છું,
હું રાગ-દ્વેષ હમેશા દૂર કરૂ છું,
મારો અંતરનાદ સાંભળીને હું,
નફરતની આગ બુઝાવું છું.

હું જુલમ-સિતમ સામે લડુ છું,
હું ભૂલા પડેલને માર્ગ દેખાડુ છું,
મારો અંતરનાદ સાંભળીને હું,
ગરીબોનો સહારો બનુ છું.

હું પાખંડીઓને ખુલ્લા પાડુ છું
હુ ધર્મનો જય જયકાર કરૂં છું,
"મુરલી" અંતરનાદ સાંભળીને હું,
શ્યામને શરણે શીશ નમાવું છું.
ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 170**
વિષય: અંતરનાદ  પ્રકાર: પદ્ય
શિર્ષક: રાધે તે શ્યામ બની ગઈ !
કુલ શબ્દો: ૧૬૮

હું ને મારો શામળો પાણીડાં ગયા'તા; શ્યામે ઉડાડ્યા આછા નીર,
સખી હું તો અંદરથી પલળી ગઈ; હાં રે સખી પાણી પાણી હું થઈ ગઈ !

નીર ઉડાડી શ્યામે સ્મિતે શું નીરખી હું તો; શ્વાસોમાં સમસમી ગઈ,
સખી હું તો શરમથી સહમી ગઈ, હાં રે સખી અજંપે ઝૂલી રહી !

ખુલી આંખોમાં શ્યામે સંસાર બતાવ્યો, ને બંધ આંખે સંસાર નહીં,
સખી હું તો શ્યામ રંગ થઈ ગઈ, હાં રે સખી શ્યામમય બની રહી !

શ્વાસ કેરા મારગે શ્યામ મહીં શરક્યો; હું તો હવામાં ઉછળી ગઈ,
સખી હું તો હવાથી હલકી થઈ, હાં રે સખી આકાશે વિસ્તરી ગઈ !

હડપચી થામી શ્યામે અધર જો છેડ્યા; તો મુરલી મોહનની બની રહી,
સખી હું તો સુરમય બની ગઈ, હાં રે સખી નાદમય બની રહી !

યમુના તે કાંઠે શ્યામે સંસાર માંડ્યો; હું તો મુને જ વિસરી ગઈ,
સખી હું તો યમુનામાં ઓગળી ગઈ, હાં રે સખી રાધે તે શ્યામ બની ગઈ !

રચના: વિનયકુમાર મહેતા બારડોલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય:અંતરનાદ
શીર્ષક: સાંભળજે મારો અંતરનાદ
પ્રકાર:પદ્ય    શબ્દો:૮૪

પ્રભુ સાંભળજે મારો અંતરનાદ,
હું સાચા હૃદયથી કરું સાદ!

પ્રભુ તું જ મારું સાચું નાણું,
હું તો બસ તારો મહિમા
વખાણું!

જીવનમાં સુખ દુઃખ ટાણું કટાણું,
શું મળ્યું શું ગુમાવ્યું ન જાણું!

સેવા સ્મરણ હું કાંઈ ન જાણું ,
હું તો બસ તારાં નામને પીછાણું!

દુનિયામાં બીજું બધું છે કાચું,
પ્રભુ તું તારણહાર એ સાચું!

તારામાં સદાય ચિત્ત રહે મારું,
વળગણ છૂટી જાય તારું મારું!

'પ્રેમ' જ્યોતિ પ્રગટાવ પ્રભુ,
જીવનમાં થાય
અજવાળું!
પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 334**
વિષય:- અંતરનાદ
શીર્ષક :- નિરાકાર
પ્રકાર :- પદ્ય   શબ્દો:- ૬૧
ધબકે છે હૈયું ,થાક્યા વિના અનવરત.
ભરી છે ઊર્જા પ્રભુએ,અખંડ અસ્ખલિત.
શ્વસે છે શ્વાસ મહીં સૂસકે છે ચોધાર,
ઝળહળે ચેતન ને અનુભવાય શુનકાર.

ચારે દિશાએ વર્તાય છે હાજરી લગાતાર,
નિત્ય ગંગાસ્નાન કરી પામું ખુશી અપાર.

ઓહમ-સોહમનો જાપ જપાય છે નિરંતર,
બની રહે છે મમ જીવનનો પ્રાણ ઓમકાર.

વરસે છે મહીં અમૃત નિજાનંદનો ઓડકાર,
પ્રભુ પ્રગટ ખેલે છે, નીરખું સદા નિરાકાર.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S S N0 : 387**
વિષય: અંતરનાદ
શિર્ષક: વાવવાનું રહી ગયું
પ્રકાર: ગદ્ય        શબ્દો:૧૭૪
પ્રભુ ના ઉપહાર રુપે મળેલ જીવનમાં બોનસ ની જીંદગી માં સમજાઈ ગયું કે "વાવણી વીતી ગઈ ને વાવવાનું રહી ગયું!!. કાપણી ના કાળમાં વાવવું શરૂ કર્યું.!!
બાળપણ,યુવાની,ઘર પરિવાર, બાળકો,સગા, સંબંધી વિગેરે ની માયાજાળ, જવાબ દારી માં ગીતાજી નો ૧૩ મો અધ્યાય સાવ વિસરાઈ ગયો.આ શરીર રૂપી ખેતરમાં મારે એવા સુંદર બીજ વાવવા છે કે તે પાક? ની મજા હું આ જન્મે પણ લઈ શકું અને આવતા જન્મે પણ તેના મીઠા ફળ ભોગવી શકુ. ૧૦ ઈન્દ્રિયો અને ૧૧મુ મન ને સારા માર્ગે વાળવાનું કામ હવે કરું છું,ષડરીપુ ને સંયમિત કરવાનો પ્રયત્ન કરું છું .
યુવાની નો છલકતો જામ આમ તો ઢળી ગયો
શક્તિ ઓ નો પૂન્જ આડ વાટ માં વહી ગયો.
પણ હવે જાગ્યા ત્યાંથી સવાર ની જેમ બાકી ના અનમોલ આયખા ને ઉજાળવાનુ નક્કી કરી ને મેરેથોન દોડ ચાલુ કરી દીધી છે.જેમ એક સૂર્ય આખા બ્રહ્માંડ ને ઉજાળે છે,તેમ એક આત્મા આખા ક્ષેત્ર(શરીર) ને ઉજાળે છે.
પુનિતા બેન દવે - મણિનગર અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : ?**
વિષય:- અંતરનાદ
શીર્ષક:- અંતરનાદનાં બંધનનાં
સબંધ
પ્રકાર:- પધ શબ્દો: ૯૮

આકાશને ઊડતા પક્ષીનો રોજિંદો નાતો એકબીજાનાં અંતરનાદનાં બંધનથી બને સબંધ,
તુષાતુર ધરતીને વર્ષાબિંદુનો ઋતુચક્રનો નાતો એકબીજાનાં અંતરનાદનાં બંધનથી બને સબંધ,
નદીનાળાનાં નીરનાં વહેણનો સમુદ્ર મિલનનો
નાતો એકબીજાનાં અંતરનાદનાં બંધનથી બને સબંધ,
માછલી જળમાં રહી અનિવાર્ય હર જીવનપળનાં નાતાથી એકબીજાનાં અંતરનાદનાં બંધનથી બને સબંધ,
" ચંદ્ર " સૂર્યનાં પ્રકાશને ધરતી સાથેનો રાત દી ઉદય અસ્ત નાતાથી એકબીજાનાં અંતરનાદનાં બંધનથી બને સબંધ,
માનવ માનવનાં સ્નેહાળ લાગણી બંધન નાતાથી એકબીજાનાં સંગાથથી અંતરનાદથી બને કરોડોનો સબંધ ,
સદા અતૂટ છે કુદરતી સંગાથનાં અંતરનાદનાં બંધનરૂપે ઉદભવતા અમૂલ્ય સબંધ,
માનવ પ્રપંચ સ્વાર્થ લોભથી કિંમતીને કોડી બનાવી ત્યારે વ્યથિત અંતરનાદથી તૂટે બનાવટી સબંધ.
" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક

(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

# ભગવાન શિવના અનેકવિધ નામ.

ભગવાન શિવને મોટા ભાગે આપણે બધાં શંકર, શંભુ, મહાદેવ, ભોળાનાથ, સદાશિવ વિગેરે નામોથી વધારે પ્રમાણમાં ઓળખીયે છીએ. પરંતું એટલું કાફી નથી, આ ઉપરાંત ભગવાન શિવના બીજા અનેક નામો છે અને એ નામ કેવી રીતે પડ્યા એની માહિતી વાચકોને પીરસવી છે.

નટરાજઃ ભગવાન શિવને નૃત્ય અતિ પ્રિય છે અને તે સારા નૃત્યકાર પણ છે. ભગવાન શિવનું તાંડવ નૃત્ય બહું વખણાયું હોવાથી, એમનું નામ નટરાજ પડેલ છે.

પીનાકપાણી/ પિનાકીન : શિવના ધનુષ બાણનું નામ પિનાક હોવાને કારણે એમનું નામ પિનાક પાણી કે પિનાકીન પડેલું છે.

પશુપતીનાથ : ભૂલોકના તમામ પશુઓ ઉપર એકસરખો જ પ્રેમભાવ રાખતા હોવાથી તેઓ પશપતિનાથ તરીકે ઓળખાય છે.

નીલકંઠઃ સમુદ્ર મંથન કરતી વખતે જાતજાતના રત્નો અને કિંમતી ચીજ વસ્તુઓની સાથે સાથે કાલકુટ નામનો વિષનો કટોરો પણ નિકળ્યો તે વિષને શિવે પોતાનાં કંઠ (ગળામાં) રોકી લીધું આથી એમનો કંઠ નીલવર્ણનો થઈ ગયો. આ કારણે તે નીલકંઠ તરીકે જાણીતા થયા છે.

ભુજંગપતિઃ પોતાનાં ગળા ફરતે સાપને આશરો આપ્યો હોવાથી તે ભુજંગપતિ તરીકે જાણીતા થયા છે.

શશાંક શેખરઃ કલંકિત ચંદ્રને પોતાની જટામાં સ્થાન આપ્યું હોવાથી શશાંક શેખર તરીકે ઓળખાય છે.

ધ્રૂજટીઃ ભગવાન શિવે તાંડવ નૃત્ય કર્યું તે વખતે આખી પૃથ્વીની ધરા ધ્રુજવા લાગી, તેથી ધ્રૂજટી તરીકે ઓળખાય છે.

રૂદ્ર કે રૂદ્રેશઃ ભગવાન શિવ અતિ ક્રોધી અને ગુસ્સેલ સ્વભાવ ધરાવતા હોવાથી એમનું એક નામ રૂદ્ર કે રૂદ્રેશ પડેલ છે.

મૃત્યુંજયઃ મૃત્યું પર વિજય પ્રાપ્ત કર્યો હોવાથી તથા પૃથ્વીના સંહારક હોવાને કારણે એમનું એક નામ મૃત્યુંજય પડેલ છે. શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ મળે છે કે જે વ્યકિત મહા મૃત્યુંજયના સવા લાખ જાપ કરશે તો મૃતાત્માં સદગતિને પામશે.

મહેશઃ સર્વ દેવો કરતાં જેની અધિક પૂજા થાય છે તથા બધાં દેવોમાં મહાન ગણાય છે તેથી મહેશ તરીકે ઓળખાય છે.

ત્રિલોચન/ત્રિનેત્રઃ બે આંખ ઉપરાંત કપાળમાં ત્રીજું નેત્ર ધરાવતા હોવાથી ત્રિલોચન કે ત્રિનેત્ર તરીકે જાણીતાં છે.
ભગવાન શિવ બહું ભોળા છે અને એમને માત્ર દૂધ અને પાણી ચઢાવો તો પણ એ જલ્દીથી રીઝી જાય છે. ભગવાન શંકરને ત્રિદલ બિલિપત્ર અતિ પ્રિય છે.

શિવ હંમેશા લિંગ સ્વરૂપે જ પૂજાય છે. શિવ ભક્તોના રક્ષક અને તારણહાર છે. શિવ એટલાં ભોળા છે કે એમણે ભસ્માસુર, બાણાસુર, રાવણ તથા અન્ય અસુરોને પણ વરદાન આપેલા છે. ભગવાન શિવ જ એક એવા દેવ છે જેમનો સમગ્ર પરિવાર પૂજાય છે. એમની પત્ની પાર્વતિ ઉમિયા માતાજી તરીકે પૂજાય છે. એમનો મોટો પુત્ર કાર્તિકેય કાર્તિક સ્વામી તરીકે પૂજાય છે. ખાસ કરીને દક્ષિણ ભારતનાં લોકો કાર્તિકેય ને મૃગેન, મુરુગન, શનમુખ કે સુબ્રમન્યમ તરિકે ઓળખે છે. એમનાં નાના પુત્ર ગણેશજીની દરેક શુભ કાર્યમાં પૂજા થાય છે તથા ગણેશ ચતુર્થી ના ચૌદ દિવસ ગણપતિની પૂજાનું અદકેરું મહત્વ છે. એમની પુત્રી ઓખાના માનમાં ચૈત્ર મહિનામાં ઓખાહરણ વાંચવાનો મહિમા છે. ગણપતિના બે પત્નીઓ રિદ્ધિ અને સિદ્ધિ તરિકે પૂજાય છે તો ગણપતિના બે પુત્રો શુભ અને લાભ મંગળકારી છે અને ચોઘડિયામાં સ્થાન પામ્યાં છે. એમનું વાહન નંદી પણ વૃષભ તરીકે પૂજાય છે અને આજે પણ દરેક શિવ મંદિરોમાં પ્રથમ નંદીના દર્શન કર્યા પછીથી જ ભગવાન શંકરના દર્શન કરી શકાય છે. શિવનું નિવાસસ્થાન કૈલાશ માનસરોવર ગણાય છે. આમ ભગવાન શિવની લીલાની તો જેટલી વાતો લખીએ એટલી ઓછી છે.

" ફાની ઈસ દુનિયા મે શિવ કા હી ઉપકાર હૈ,
શિવ શકિત હૈ, શિવ ભકિત હૈ, શિવ મુકિત કા આધાર હૈ"

યોગેશભાઈ જોષી
હાલોલઃ ૩૮૯ ૩૫૦, જી. પંચમહાલ
**joshiyogesh10164@gmail.com**




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.